# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયે બ્લોક નં. ૧૬, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

કેસ નં. ૫૧૦/૨૦૧૪-૧૫ | ક્રમાંક કમિ/અપગ/૨૦૧૬-૧૭ /

તા. / ૦૮/૨૦૧૬

સુઓ મોટો કેસઃ-

**વિરૂધ્ધ**

પ્રતિવાદીઃ-

(૧) ચીફ જનરલ મેનેજરશ્રી,
ગુજરાત ટેલીકોમ સર્કલ,
સી.જી.રોડ, નવરંગપુરા, અમદાવાદ

(૨) પ્રિન્સીપાલ જનરલ મેનેજરશ્રી,
અમદાવાદ ટેલીકોમ ડિસ્ટ્રીકટ,
ગુલબાઇ ટેકરા, ટેલીફોન એક્ષચેઇન્જ બિલ્ડીંગ,
આંબાવાડી, અમદાવાદ-૬

વિષયઃ- વિકલાંગ ધારા-૧૯૯૫ની જોગવાઇ અનુસાર વિકલાંગો માટે બેરીયરફ્રી સુવિધા પુરી પાડવા બાબત.

તા. ૧/૧૨/૨૦૧૪ ના રોજ ગુજરાત સમચાર વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર કાપલી " બી.એસ.એન.એલ." ની અમદાવાદ અને રાજયની કચેરીઓમાં તથા ગ્રાહક સેવા કેન્દ્રોમાં વિકલાંગ માટે બેરીયર ફ્રી ઇન્ફ્રાસ્ટ્રકચર ની કોઇ સુવિધા ઉપલબ્ધ ન હોઇ અને અમદાવાદ શહેરના કેટલાક એક્ષચેઇન્જમાં નામમાત્ર /સમખાવા પૂરતી જ સવલતો હોઇ વિકલાંગોને હાલાકી ભોગવવી પડે છે. તે અન્વયે વિકલાંગ ધારા (સમાન તકો, અધિકારોનુ રક્ષણ અને પુર્ણ ભાગીદારી)-૧૯૯૫ ની કલમ ૪૪ થી ૪૬ માં કરાયેલ જોગવાઇઓ મુજબ દિવ્યાંગ વ્યકિતઓ બી.એસ.એન.એલ., ની કચેરીઓમાં સરળતાથી પ્રવેશી શકે તેવી સુગ્મય

સવલતો પૂરી પાડવા બાબતે આ કોર્ટ ધ્વારા તા.૨૫/૮/૨૦૧૪ ના રોજ સુઓ મોટો કેસ નં. ૫૧૦/૨૦૧૪-૧૫ તરીકે દાખલ કરી ચીફ જનરલ મેનેજરશ્રી, ગુજરાત ટેલીકોમ અને ટેલીકોમ ડિસ્ટ્રીકટના પ્રિન્સીપાલ જનરલ મેનેજરશ્રીને અમદાવાદને પક્ષકાર બનાવી તા.૫/૧૨/૨૦૧૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી.

૨. તા.૧૫/૧૨/૨૦૧૪ ના રોજની સુનાવણી સમયે ગુજરાત ટેલીકોમ અને ડિસ્ટ્રીકટ પ્રિન્સીપાલ જનરલ મેનેજર અમદાવાદ તરફથી સબંધિત અધિકારીશ્રીઓ તથા શ્રી કે.જે.મકવાણા, આસી. જનરલ મેનેજર (મહેકમ), (જીએમટી) અમદાવાદ હાજર રહેલ. સુનાવણી દરમ્યાન તેઓએ તા.૧૨/૧૨/૨૦૧૪ ના પત્ર સાથે જણાવેલ કે, અમદાવાદ ટેલીકોમ હસ્તક ૧૬ જેટલી ડિસ્ટ્રીકટ હેડ ઓફિસ, અને અમદાવાદ ઓફિસ તથા ટેલીફોન એક્ષચેઇન્જ ખાતે આવી કોઇ સવલતો ઉપલબ્ધ નથી જે માટે મુખ્ય મથકે પત્ર પાઠવી તેમનું માર્ગદર્શન મેળવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવવામાં આવેલ. સુનાવણી સમયે " બી.એસ.એન.એલ." ના અધિકારીઓ ધ્વારા લેખિત સોંગદનામા કે વિકલાંગોને સવલતો અંગે કોઇ લેખિત પુરાવા રજૂ કરેલ નથી. હાજર રહેલ અધિકારીશ્રીઓ ધ્વારા સ્ટેટસ રીપોર્ટ રજુ કરવા વધુ સમય આપવાની માંગણી કરવામાં આવતાં તે માન્ય રાખી સ્ટેટસ રીપોર્ટ રજુ કરવા માટે તા.૨૨/૧૨/૨૦૧૪ ની સુનાવણી રાખવામાં આવેલ. તા. ૨૨/૧૨/૨૦૧૪ અને ત્યાર પછીની વખતો વખતની સુનાવણી દરમ્યાન "બી.એસ.એન.એલ.", સર્કલના કોઇ અધિકારીશ્રી હાજર રહેલ નથી કે દિવ્યાંગ માટે બેરીયર ફ્રી વાતાવરણ ઉભું કરવા કરેલ કાર્યવાહીની વિગતો કે સ્ટેટસ રીપોર્ટ પણ મોકલી આપવામાં આવેલ નથી.

૩. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના સશકત ભારત વિકલાંગ વ્યકિતઓના સશકતિકરણ વિભાગ ધ્વારા " સુગમ્ય ભારત અભિયાન" ની શરૂઆત કરવામાં આવેલ છે.

૪. ભારત વિકલાંગો વ્યકિતના અધિકાર ઉપર સંયુકત રાષ્ટ્ર કન્વેન્શન ઉપર હસ્તાક્ષરકર્તા દેશ છે. યુ.એન.સી.આર.પી.ડી.ના અનુચ્છેદ-૯ થી તમામ હસ્તાક્ષરકર્તા દેશોમાં, વિકલાંગ વ્યકિતઓ માટે અન્ય વ્યકિતઓની જેમ સમાન આધાર પર ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ભૌતિક વાતાવરણ, પરિવહન, સુચના તથા સંદેશા વ્યવહારના સાધનો પરત્વે સમુચિત ઉપાયો કરવાની જવાબદારી સોંપાયેલ છે. પ્રસ્તુત ઉપાયોમાં સુગ્મયતાના હેતુસર તમામ સ્કુલો,આવાસ, દવાખાના,કાર્યસ્થળે સહિત સરકારી ભવનો, સાર્વજનિક સ્થળોઓએ તથા જાહેર રસ્તાઓ, પરિવહન અને અન્ય આંતરિક તથા બ્રાહય સુવિધાઓ ઉપલબ્ધ કરવાની બાબતોનો સમાવેશ થાય છે. ઇલેકટ્રોનિક સેવા, વેબસાઇટ તથા આકસ્મિક સેવાઓ સહિતની સેવાઓમાં સુગમ્યતા ઉભી કરવાનો સમાવેશ થાય છે.

૫. ભારતીય વિકલાંગ ધારો -૧૯૯૫ની કલમ-૪૪ અન્વયે પરિવહનમાં બિન- અલિપ્તતા, કલમ–૪૫ માં રસ્તા પર બિનઅલિપ્તતા અને ૪૬માં બાંધકામ પર્યાવરણમાં બિન અલિપ્તતા અંગે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

<u>૪૪. પરિવહનમાં અલિપ્તતાઃ-</u>

પરિવહન ક્ષેત્રે કાર્યરત એકમો તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને વ્યકિતઓના લાભાર્થે ખાસ પગલાં ભરાશે.

(એ) આવી વ્યકિતઓને સરળ પહોંચને અનુકુળ હોય એવી રીતે રેલ્વે કમ્પાર્ટમેન્ટ, બસો, વાહણો અને વિમાનો બનાવવા.

(બી) રેલ્વે કમ્પર્ટમેન્ટો,વાહણો, વિમાનો અને પ્રતિક્ષાલયોમાં એવી રીતે સંડાસો બનાવવાં વ્હીલચેર વાપરનારાઓ તેનો સુગમતાથી ઉપયોગ કરી શકે.

<u>૪૫. રસ્તા પર બિનઅલિપ્તતાઃ-</u>

જે તે સરકાર અને સ્થાનિક સત્તામંડળો તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને નીચેની સુવિધાઓ પૂરી પાડશે.

(એ) દ્રષ્ટિહિન વ્યકિતઓના લાભાર્થે જાહેર રસ્તા ઉપર લાલ બતીવાળા સ્થળોએ

શ્રાવ્ય સંકેતો ઉભા કરાશે.

(બી) વ્હીલચેર વાપરનારાઓની સરળ પહોંચ માટે ફુટપાથ ઉપર ઢાળ અને ગતિ ધટાડવા માટેના અવરોધો બનાવશે.

(સી) અંધજનો અથવા ઓછી દ્રષ્ટિવાળી વ્યકિતઓ માટે ઝીબ્રા ક્રોસીંગની નિશાનીઓ ઉભી કરાશે.

(ડી) અંધજનો અથવા ઓછી દ્રષ્ટિવાળી વ્યકિતઓ માટે રેલ્વે પ્લેટફોર્મની કિનારીએ કોતરણીવાળી નિશાની કરવી.

(ઇ) વિકલાંગતાના યથાયોગ્ય પ્રતિકો ઘડવા

(એફ) યથાયોગ્ય સ્થળોએ ચેતવણી સૂચક સંકેતો મૂકવા.

૪૬. <u>બાંધકામ પર્યાવરણમાં બિનઅલિપ્તતાઃ-</u>

(એ) જાહેર ઇમારતોમાં રેમ્પ (ઢાળ)

(બી) વ્હીલરચેર વાપરનારઓ માટે યોગ્ય પ્રકારના સંડાસો.

(સી) એલીવેટર કે લીફટમાં બ્રેઇલ પ્રતિકો અને શ્રાવ્ય સંકેતો મૂકવા.

(ડી) દવાખાનાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અન્ય તબીબી સંભાળ તેમજ પુનવર્સન સંસ્થાઓમાં રેમ્પ (ઢાળ)

૬. " સુગ્મય ભારત સશકત ભારત " અભિયાન અન્વયે ભારત સરકાર ધ્વારા સરકારી ભવનોમાં સુગ્મયતા ઉભી કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે તે મુજબ એક સુગ્મય સરકારી ભવન એટલે એવું ભવન કે જયાં દિવ્યાંગ વ્યકિતઓ કોઇ પણ અવરોધ વિના પ્રવેશી શકે તેમાં સેવાઓ, સીડીઓ- લિફટ , રેલીંગ, રેમ્પ / પ્રવેશ દ્વાર આકસ્મિક નિકાસ, પાર્કીંગની સાથે સાથે લાઇટ પંખા, સિગ્નલ, એલાર્મ સિસ્ટમ તથા ટોઇલેટ આંતરીક અને બ્રાહય પ્રસાધાનોનો સમાવેશ થાય છે. સુગમ્ય ભવનો ની ઓળખ માટે વાર્ષિક પરીક્ષણ થવા જરૂરી છે. જેમાં નિયત કરવામાં આવેલ છે કે તે ભવનો નિર્ધારીત માનકો પુરા કરતું હોવુ જોઇએ. અમદાવાદ શહેરના તમામ સરકારી ૫૦ ટકા ભવનો જૂલાઇ-૨૦૧૬ સુધીમાં સુગ્મયમાં તથા પરિવર્તિત કરવા તથા અન્ય મથકોના સરકારી ભવનોના ૨૫ ટકા ભવનોને જૂલાઇ-૨૦૧૬ સુધીમાં સુગમ્ય બનાવવા લક્ષ્યાંક નિયત કરેલ છે. બાકીના ૫૦ ટકા ભવનોજુલાઇ-૨૦૧૯ સુધી સુગ્મય બનવવા લક્ષ્યાંક છે. તદઉપરાંત સંદેશા વ્યવહાર

ધ્વારા સુગ્મયતા ઉભી કરવા અને ૫૦ ટકા સરકારી વેબસાઇટ માર્ચ-૨૦૧૭ સુધીમાં સુગમ્યતાના માનકો મુજબ ઉભી કરવા લક્ષ્યાંક નકકી કરવામાં આવેલ છે. તમામ સરકારી દસ્તાવેજોના ૫૦ ટકા દસ્તાવેજ માર્ચ-૨૦૧૬ સુધીમાં  સુગમ્યતાના માનકો મુજબ પ્રસિધ્ધ કરવા  પણ ઉકત વિગતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૭. ભારતીય વિકલાંગ ધારો- ૧૯૯૫ ની જોગવાઇ ક્રમાંકઃ ૪૪ થી ૪૬ માં કરવામાં આવેલ જોગવાઇઓ અને સુગમ્ય ભારત અભિયાનની ઉપરોકત માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઇ અમદાવાદ ટેલીકોમ હસ્તકની ગુજરાત રાજયની અને અમદાવાદ ડિસ્ટ્રીકટ ટેલીફોન એક્ષચેઇન્જોમાં નિધારીત સમય મર્યાદામાં દિવ્યાંગ વ્યકિતઓ  સુગમતાથી અવરજવર કરી શકે તથા તેઓને તમામ સવલતો મળી રહે તે હેતુથી તમામ એક્ષચેઇન્જોમાં રેમ્પ, રેલીંગ, વ્હીલચેરની સવલત, વ્હીલચેર વાપરનારાઓ માટે યોગ્ય પ્રકારના સંડાસોના બાંધકામ, દિવ્યાંગો માટે ખાસ પ્રકારની લીફટ બનાવવા તથા લીફીટમાં બ્રેઇલ પ્રતિકો / શ્રાવ્ય સંકેતો મુકવા, ટેલીફોન એક્ષચેઇન્જો અને કચેરીઓમાં દિવ્યાંગો સરળતાથી પ્રવેશી શકે તેવી વ્યવસ્થા, લાઇટ પંખા, જેવી સવલતોનો દિવ્યાંગો જાતે ઉપયોગ કરી શકે તથા કચેરીમાં સરળતાથી કાગળો વગેરે આપી શકે તે રીતે ફર્નિચર, લાઇટ - પંખા વગેરેની સવલતો પુરી પાડવા, જરૂરી માહિતી જોઇ, વાંચી, મેળવી તેના આદાન –પ્રદાન કરી શકે તવી સુગ્મય વેબસાઇટ બનાવવા જેવી તમામ કાર્યવાહી સત્વરે કરવા જણાવવામાં આવે છે. તથા અમદાવાદ અને ગુજરાત સર્કલ હસ્તકની તમામ કચેરીઓ ટેલીફોન એક્ષેચઇન્જો અને સેવા કેન્દ્રો દિવ્યાંગો માટે સુગ્મય બનાવી શકાય તેવી કાર્યવાહી કરવા માટે નિયત એજન્સી મારફતે કચેરીઓ સેવા કેન્દ્રો અને ટેલીફોન એક્ષચેઇન્જોનું એકસેસીબલ ઓડીટ કરાવવા જેવી કાર્યવાહી કરવા પણ હુકમ કરવામાં આવે છે.

પ્રસ્તુત હુકમ સાથે હું કેસનો નિકાલ  કરું છું.

(સંજય નંદન)
કમિશનર

<u>નકલ રવાનાઃ-</u>

(૧) ચીફ જનરલ મેનેજરશ્રી, ગુજરાત ટેલીકોમ સર્કલ, સી.જી.રોડ, નવરંગપુરા, અમદાવાદ

(૨) પ્રિન્સીપાલ જનરલ મેનેજરશ્રી, અમદાવાદ ટેલીકોમ ડિસ્ટ્રીકટ, ગુલબાઇ ટેકરા, ટેલીફોન એક્ષચેઇન્જ બિલ્ડીંગ, આંબાવાડી, અમદાવાદ-૬